શહેરાના ચોપડા ખુર્દમાં રેશનિંગ કૌભાંડના અણસાર

ગરીબોના હકના અનાજમાં ખુલ્લેઆમ બે-બે કિલોની કટકી કરતા વેપારીઓ

તહેવારોની સિઝનમાં જ દુકાન સંચાલક દ્વારા ગ્રાહકોને પાવતી ન આપી વજનમાં ગેરરીતિ આચરવામાં આવતા રેશન કાર્ડધારકોમાં રોષ

(પ્રતિનિધી) ગોધરા, તા.20 પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ચોપડા ખુર્દ ગામમાં આવેલી સસ્તા અનાજની દુકાન ખાતે ગરીબ પરિવારોના હકના અનાજમાં મોટા પાયે ગેરરીતિ ચાલી રહી હોવાનો ચોંકાવનારો પર્દાફાશ થયો છે. આગામી તહેવારોના સમયમાં જ દુકાન સંચાલક દ્વારા રેશનકાર્ડ ધારકોને અપાતા ઘઉં, ચોખા અને મકાઈના જથ્થામાં સીધો બે કિલોનો કાપ મૂકવામાં આવતો હોવાની ગંભીર બાબત સપાટી પર આવી છે. આ દુકાન સાથે જોડાયેલા આશરે ૭૨૨ જેટલા રેશનકાર્ડ ધારકો સાથે થઈ રહેલી આ ખુલ્લી છેતરપિંડીના કારણે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પ્રાપ્ત થતી વિગતો અનુસાર, દુકાન સંચાલક એસ. પી. પટેલ દ્વારા ગ્રાહકોની નિરક્ષરતાનો સીધો ગેરલાભ લેવામાં આવી રહ્યો છે. અનાજ વિતરણ સમયે વજન કાંટો ગ્રાહકોની નજરથી વિરુદ્ધ દિશામાં રાખવામાં આવે છે જેથી ગ્રાહકોને સાચા વજનની કોઈ જાણકારી મળતી નથી. આ ઉપરાંત, વિતરણની પાકી પાવતી પણ ગ્રાહકોને આપવાના બદલે સંચાલક પોતાની પાસે જ રાખી લે છે. તાજેતરમાં અખમબેન સહિતના પાંચ જેટલા લાભાર્થીઓને આપવામાં આવેલા અનાજનું સ્થળ પર જ ફરી વજન કરવામાં આવતા પ્રત્યેક વ્યક્તિના જથ્થામાં બે-બે કિલોનો ઘટાડો જોવા મળ્યો હતો.આ કટકી પકડાતા સંચાલક એસ. પી. પટેલે પોતાનો લૂલો બચાવ કરતા એવું રટણ કર્યું હતું કે તેમને ઉપરથી જ અનાજનો જથ્થો ઘટ સાથે આપવામાં આવે છે. એક તરફ સરકાર ગરીબોને વિનામૂલ્યે પૂરતું અનાજ આપવા કટિબદ્ધ છે. ત્યારે બીજી તરફ આવા ભ્રષ્ટ સંચાલકો ગરીબોના મોંમાંથી કોળિયો છીનવી રહ્યા છે.

સિંગવડ તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો

સીંગવડ : દાહોદ એસ.પી. ની અધ્યક્ષતામાં સિંગવડ તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો પાંચેય પ્રશ્નોનો હકારાત્મક નિકાલ, ગંદા પાણીના પ્રશ્ને એસ.પી.એ આપી તાકીદ તા. ૨૫/૦૮/૨૦૨૬ ના રોજ સિંગવડ મામલતદાર ઓફિસ ખાતે તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજા ની અધ્યક્ષતામાં યોજાયો હતો.આ કાર્યક્રમમાં સિંગવડ તાલુકાના કુલ ૦૫ પ્રશ્નો સ્વાગતમાં મુકવામાં આવ્યા હતા, જે તમામનો સ્થળ પર જ હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો. ડી.વાય. એસ.પી. લીમખેડા, સિંગવડ મામલતદાર, સિંગવડ તાલુકા વિકાસ અધિકારી (ટીડીઓ) તથા સિંગવડ મામલતદાર કચેરી સ્ટાફ સંબંધિત અરજદારો ઉપસ્થિત રહ્યા હતા.

લીમખેડાના પાણીયા ગામે હાઈવે પર અકસ્માતની ઘટના

બાઈક ચાલકે અચાનક બ્રેક મારતાં પાછળ બેસેલી મહિલાનુ મોત

પોલીસે વિરુદ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી

(પ્રતિનિધી) લીમખેડા, તા.20 પંચમહાલ જિલ્લાના મોરવા તાલુકાના નાટાપુર ગામેથી પાંચમા ની વિધિમાં બાર ગામે મોટર સાયકલ પર આવી રહેલ દંપત્તિની મોટર સાયકલને શોર્ટ બ્રેક મારતા સૂર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં મોટર સાયકલ લીમખેડાના પાણીયા ગામે હાઈવે પર સ્લીપ ખાઈ જતા મોટર સાયકલ પર પાછળ બેઠેલ મહિલાને ગંભીર ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. જ્યારે ચાલક યુવકને શરીરે નાની-મોટી ઈજાઓ થયાનું સત્તાવાર રીતે જાણવા મળ્યું છે મળેલ . વિગત અનુસાર પંચમહાલ જિલ્લાના મોરવા તાલુકાના નાટાપુર ગામે તલાવડી ફળિયામાં રહેતા કમલેશભાઈ સનાભાઈ બારીયા પોતાની મોટરસાયકલ પર જયશ્રીબેનને પાછળ બેસાડી પાંચમાની વિધિમાં હાજરી આપવા બાર ગામે જઈ રહ્યા હતા. એ દરમિયાન તેઓની મોટરસાયકલની વધુ પડતી ઝડપ અને ચાલકની ગફલતને કારણે તેઓની અપાચી મોટરસાયકલ પાણીયા ગામે હાઈવે રોડ પર પર સવારમાં દશેક વાગ્યાના સુમારે સ્લીપ ખાઈ જતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં મોટરસાયકલ પર પાછળ બેઠેલ જયશ્રીબેન ને માથામાં પાછળના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. જ્યારે અપાચી મોટરસાયકલે ચાલક કમલેશભાઈ શાનાભાઈ બારીયાને શરીરે તથા હાથે પગે, મોઢે નાની મોટી ઈજાઓ થવા પામી હતી. આ સંબંધે પંચમહાલના નાટાપુર ગામના પ્રભાતભાઈ બારીયાએ લીમખેડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા લીમખેડા પોલીસે આ સંદર્ભે અપાચી મોટરસાયકલના ચાલક નાટાપુર ગામના તલાવડી ફળિયામાં રહેતા કમલેશભાઈ સનાભાઈ બારીયા વિરુદ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

કાલોલ પોલીસ મથકે અકસ્માતની ફરિયાદ નોંધાઈ

કાલોલ પાસે એક્ટિવા સ્લિપ થતાં યુવકનું સારવાર દરમિયાન મોત

(પ્રતિનિધી) કાલોલ, તા.26 કાલોલ તાલુકાના સાતમણા ગામ નજીક નર્મદા કેનાલ પાસે ગત તા. ૧૮ ઓગસ્ટના રોજ એક્ટિવા સ્લિપ થઈ જતાં ગંભીર રીતે ઘવાયેલા ૨૭ વર્ષીય યુવકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. આ અંગે કાલોલ પોલીસ મથકે મૃતક વિરુદ્ધ જ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો અનુસાર, સણસોલી (મજેવાડી) ગામના રહીશ કુલદિપસિંહ દિલીપસિંહ ચૌહાણ (ઉં.વ. ૨૭) ગત તા. ૧૮/૦૮/૨૦૨૬ ના રોજ રાત્રિના આશરે ૮:૦૦ વાગ્યાના સુમારે પોતાની હોન્ડા એક્ટિવા (નંબર GJ-17-CM-1868) લઈને કંપનીમાંથી ઘરે પરત ફરી રહ્યા હતા. દરમિયાન સાતમણા ગામ પાસે નર્મદા કેનાલ રોડ પર એક્ટિવા અચાનક સ્લિપ થઈ જતાં તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

અકસ્માત બાદ ઈજાગ્રસ્ત કુલદિપસિંહને તાત્કાલિક ૧૦૮ મારફતે કાલોલ સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

જ્યાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર અર્થે વડોદરાની SSG હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હતા. વડોદરા ખાતે સારવાર દરમિયાન તા. ૨૫/૦૮/૨૦૨૬ ના રોજ સવારે તેમનું કરૂણ મોત નીપજ્યું હતું. આ બનાવ સંદર્ભે મૃતકના કૌટુંબિક ભાઈ હરેન્દ્રસિંહ કિરીટસિંહ ચૌહાણે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. કાલોલ પોલીસે બી.એન. એસ. કલમ ૨૮૧, ૧૦૬(૧), ૧૨૫(b) તથા મોટર વાહન અધિનિયમની કલમ ૧૭૭, ૧૮૪ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ પી.એસ.આઈ. એમ આર મોહનીયા દ્વારા શરૂ કરવામાં આવી છે.

હાલોલ તાલુકામાં સરીસૃપોનો ત્રાસ વધ્યો

નાના જેપુરા ગામની સીમમાંથી ૯ ફૂટ લાંબા અજગરનું રેસ્ક્યુ

(પ્રતિનિધી) હાલોલ, તા.26 હાલોલ તાલુકાના નાના જેપુરા ગામની સીમમાં આશરે 9 ફૂટ લાંબો અજગર દેખાતા સ્થાનિકો દ્વારા સિદ્ધાંત જીવદયા ટીમને જાણ કરવામાં આવી હતી. જાણ થતાં ટીમના સભ્યો તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. આશરે 9 ફૂટ લાંબો અજગર મળી આવતા ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટના RFO ચંદ્રિકાબેન ચૌધરીના સલાહ, સૂચન અને માર્ગદર્શન મુજબ સિદ્ધાંત જીવદયા ટીમ દ્વારા અજગરનું સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. રેસ્ક્યુ બાદ અજગરને માનવ વસવાટથી દૂર સુરક્ષિત જંગલ વિસ્તારમાં લઈ જઈ મુક્ત કરવામાં આવ્યો હતો. વન્યજીવોને નુકસાન ન પહોંચાડતા તેમની જાણ તાત્કાલિક વન વિભાગ અથવા જીવદયા ટીમને કરવી જોઈએ તેવી અપીલ કરવામાં આવી છે.

વાહનચાલકો બેફામપણે નિયમો નેવે મૂકીને વાહનો હંકારી રહ્યા છે

દાહોદ જિલ્લામાં જીવના જોખમે વિદ્યાર્થીઓની મુસાફરી

(પ્રતિનિધી) દાહોદ, તા.26 ફતેપુરાના વડવાસ રોડ પર જીવના જોખમે વિદ્યાર્થીઓની મુસાફરી, રાજયમંત્રી રમેશ કટારાના મત વિસ્તારમાં માલવાહક વાહનમાં બેફામ રીતે બાળકોને બેસાડીને થતી હેરાફેરી સામે તંત્રની ઘોર બેદરકારી ઉજાગર થઈ છે. ફતેપુરા વિધાનસભા વિસ્તારમાં આવતા વડવાસ-ડુંગર રોડ પરથી એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં શાળાએ જતા વિદ્યાર્થીઓ માલવાહક વાહનોમાં જીવના જોખમે મુસાફરી કરવા મજબૂર બન્યા છે. રાજ્ય કક્ષાના મંત્રી રમેશ કટારાના મત વિસ્તારમાં જ આ પ્રકારના જોખમી દ્રશ્યો સામે આવતા સ્થાનિક તંત્રની કામગીરી સામે અનેક ગંભીર સવાલો ઉભા થયા છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વિડિયોમાં સ્પષ્ટપણે જોવા મળ્યું છે કે ખાનગી માલવાહક પીકઅપ ગાડીમાં ક્ષમતા કરતા વધુ સંખ્યામાં વિદ્યાર્થીઓને ભરીને લઈ જવામાં આવી રહ્યા છે. આ માસુમ વિદ્યાર્થીઓ વાહનની પાછળ લટકીને તેમજ કેબિન અને ટોપ પર બેસીને જોખમી પ્રવાસ ખેડી રહ્યા છે. અચાનક બ્રેક વાગે કે વાહનમાંથી પગ લપસે તો મોટી હોનારત સર્જાવાની પૂરી ભીતિ સેવાઈ રહી છે.

મુસ્લિમ બિરાદરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શાંતિપૂર્ણ તહેવાર ઉજવ્યો

કાલોલ ખાતે ઈદે મિલાદ પર્વ નિમિત્તે જુલુસ નીકળ્યું

(પ્રતિનિધી) કાલોલ, તા.26 હજરત મોહંમદ પયગંબર સાહેબના જન્મદિનની ઉજવણી નિમિત્તે કાલોલ શહેર મુસ્લીમ બિરાદરોએ પેગંબર સાહેબના ૧૫૦૧ મી યૌમે વીલાદત (જન્મજયંતી) ના મોકા પર વહેલી સવારે પાંચ વાગ્યા સુમારે એકત્રિત થઈ જુમ્મા મસ્જીદના પ્રાંગણમાં નાતશરીફ અને સલાતોસલામ પઢી પેગંબર સાહેબના મુએ મુબારક એટલે બાલ મુબારક ના દીદાર કર્યાં હતાં ત્યારબાદ બપોરે જોહરની નમાજ બાદ નુરાની ચોક સ્થિત જુમ્મા મસ્જીદથી રિફાઇ ગાદી અને અમીરે મિલ્લત મિલાદ કમેટીના નેતૃત્વમાં જશ્ને ઈદે મિલાદ નું ભવ્ય જુલુશનું આયોજન કરવામાં આવ્યું હતું જે નુરાની ચોકથી પ્રસ્થાન કરી પોલીસ સ્ટેશન, હાઇવે બસ સ્ટેશનથી મેઈન બજારમાંથી પસાર થઈ પાલીકા ભવનના માર્ગે સમગ્ર જુલુસ નુરાની ચોકમાં પરત ફરી જુમ્મા મસ્જીદના ખતીબો ઈમામ મોલાના ગુલામ ગૌષ રઝવી દ્વારા સમગ્ર વિશ્વ તેમજ ભારત દેશમાં અમન શાંતિ, સલામતી માટે ખાસ દુવાઓ સાથે પયગંબર સાહેબની જન્મજયંતિ ની મુબારકબાદ પાઠવી હતી.

સાધુ-સંતોના આશીર્વચન સાથે વાતાવરણ ભક્તિમય

મોટા બોરીદાના ગામખેડુ માતાજી મંદિરે રક્ષાબંધન કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) સુખસર,તા.26 સુખસર તાલુકાના મોટા બોરીદા ગામ ખાતે આવેલ ગામ ખેડુ માતાજી મંદિરના પવિત્ર પ્રાંગણમાં આજરોજ સામૂહિક રક્ષાબંધન કાર્યક્રમ હર્ષોલ્લાસ અને ઉત્સાહભેર યોજાયો હતો. ભારત માતાકી જય અને જય શ્રી રામના નારાઓથી મંદિર પ્રાંગણ ગુંજી ઊઠ્યું હતું. કાર્યક્રમમાં સાધુ-સંતો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા અને સંતોના આશીર્વચન તથા માર્ગદર્શનનો લાભ લીધો હતો.રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે યોજાયેલા આ કાર્યક્રમમાં સમાજમાં એકતા, ભાઈચારો, પરસ્પર આત્મીયતા, સંસ્કાર અને સાંસ્કૃતિક પરંપરાના જતનનો સંદેશ આપવામાં આવ્યો હતો. ઉપસ્થિત ગ્રામજનોએ એકબીજાને રક્ષા સૂત્ર બાંધી પરસ્પર પ્રેમ, વિશ્વાસ, સહકાર અને રક્ષણની ભાવનાને મજબૂત કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

હાલોલમાં ગોધરા રોડ બારોટ ફળિયામાં જુગાર રમતા ૯ ઝડપાયા

(પ્રતિનિધી) કાલોલ, તા.26 હાલોલના ગોધરા રોડ બારોટ ફળિયા ખાતે જુગાર રમતા જુગારીયાઓ સામે પોલીસે રેડ કરતા9 ઝડપાયા સાથે રૂપિયા 68,500 નો મુદ્દા માલ કબજે કર્યો.

પ્રાપ્ત માહિતી અનુસાર પોલીસને બાતમી મળી હતી કે ગોધરા રોડ ઉપર બારોટ ફળિયામાં શાંતિભાઈ કાનજીભાઈ બારોટના મકાન પાસે પતરાના સેડની નીચે કેટલાક ઈસમો ગંજી પાના થી પૈસાની હાર જીતનો જુગાર રમી રહ્યા છે એવી ચોક્કસ બાતમીના આધારે પોલીસે બતાવેલા સ્થળ ઉપર પોતાના સ્ટાફ સાથે છાપો મારતા બારોટ ફળિયામાંથી કુલ નવ જુગારીયાઓને પકડી પાડ્યા હતા . જ્યારે અન્ય એક ભાગી જવામાં સફળ થયો હતો પકડાયેલા અન્ય પાસેથી મોબાઇલ અને ગંજીપાના રોકડ રકમ સહિત કુલ રૂપિયા 68,500 નો મુદ્દા માલ સ્થળ ઉપરથી કબજે કરવામાં આવ્યો હતો. પકડાયેલા જુગારના આરોપીઓ માં 1. હિતેશભાઈ વિક્રમભાઈ બારોટ રહેવાસી કંજરી ગામ 2. ઘનશ્યામભાઈ લક્ષ્મણભાઈ બારોટ રહેવાસીયોગીનગરગોધરારોડહાલોલ 3. પિયુષભાઈ વિનોદભાઈ બારોટ રહેવાસી બારોટ ફળિયા હાલોલ 4. ચેતનભાઇ લક્ષ્મણભાઈ બારોટ રહેવાસી યોગીનગર ગોધરા રોડ હાલોલ. 5. રામવેસ રઘુનાથ પરિહાર રહેવાસી પ્રેમ એસ્ટેટ હાલોલ 6. રાકેશભાઈ હેમા ભાઈ બારોટ રે.બારોટ ફળિયુ હાલોલ 7. અક્ષય કિશોરભાઈ બારોટ રે. બારોટ ફળિયા હાલોલ. 8. દિનેશભાઈ મનુભાઈ બારોટ રહે. બારોટ ફળિયા હાલોલ 9. વિજયભાઈ માનસુરભાઈ બારોટ રહે. બારોટ ફળિયા હાલોલ આ તમામ પકડાયેલા આરોપીઓ સામે હાલોલ ટાઉન પોલીસ સમગ્ર મુદ્દા માલનું પંચનામું કરી કબજે લીધો અને પકડાયેલા કુલ 9 ઇસમો કાર્યવાહી હાથ ધરી છે.

નગરમાં સંસ્કૃત યાત્રા નીકળી અને વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

ઝાલોદની શ્રી બી.એમ. હાઈસ્કૂલ ખાતે 'સંસ્કૃત સપ્તાહ'ની ઉજવણી

(પ્રતિનિધી) ઝાલોદ, તા.26 પ્રાચીન ભારતીય સંસ્કૃત ભાષામાં પ્રભાવશાળી વક્તવ્ય આપી ઉપસ્થિત ભાષા અને સંસ્કૃતિના જતન તથા પ્રસાર અર્થે ઝાલોદની જાણીતી બી.એમ. હાઈસ્કૂલ ખાતે સંસ્કૃત સપ્તાહ અંતર્ગત વિવિધ રંગારંગ અને આકર્ષક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણીના ભાગરૂપે શાળાનું સમગ્ર વાતાવરણ સંસ્કૃતમય બની ગયું હતું, જેને કારણે સમગ્ર નગરમાં ઉત્સાહ અને ઉમંગ નો માહોલ જોવા મળ્યો હતો. સંસ્કૃત સપ્તાહ ના મુખ્ય કાર્યક્રમના દિવસે શાળા ખાતેથી ભવ્ય "સંસ્કૃત યાત્રાનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. ઝાલોદ તાલુકા પંચાયતના પ્રમુખ સુરેશભાઈ કટારા તથા નગર સેવા સદન ઝાલોદના - પ્રમુખ રેખાબેન વસૈયા વિશેષ ઉપસ્થિત રહી આ યાત્રાને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

હવે તહેવારોની સીઝન શરૂ થઇ રહી છે ત્યારે બજારોમાં ખાણીપીણીની ચીજવસ્તુઓથી સાવધ રહેવુ જરૂરી

દાહોદમાં સતત ત્રીજે દિવસે પણ નગર પાલિકાના ફુડ વિભાગ દ્વારા તપાસ હાથ ધરાઈ

હાથ ધરાઈ આઠથી વધુ જગ્યાએથી નમુના લેવાયા ૨૦કિલો બળેલા તેલનો નાશ કરાયો

(પ્રતિનિધી) દાહોદ, તા.20 દાહોદ શહેરમાં સુરત જેવી ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે અને જાહેર જનતાના સ્વાસ્થ્યની સુખાકારી અર્થે ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતા એકમાં સામે દાહોદ પ્રાંત અધિકારીની સૂચના તેમજ માર્ગદર્શન હેઠળ ગઈ કાલે ત્રીજે દિવસે પણ કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેના ભાગરૂપે દાહોદ નગરપાલિકાના ફૂત ઈન્ટન્સ્પેક્ટર અને તેમના વિભાગના કર્મચારીઓની ટીમ દ્વારા દાહોદ શહેરના મંડાવાવ રોડ તેમજ અન્ય વિસ્તારમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યુંહતું. જેમાં ફરસાણ તેમજ સ્વીટસની કેટલીક દુકાનોમાંથી ખાદ્ય વસ્તુ ના કેટલાક નમૂના લેવામાં આવ્યા હતા તેમજ બળેલા તેલનો જથ્થો પકડી તેનો નાશ કરવામાં આવ્યો હતો તેમજ દંડનાત્મક કાર્યવાહી હાથ ધરવા માં આવી હતી. બજારના ભોજનની ડીશ આરોગ્યા બાદ એક પરિવારના સભ્યોને ફૂડપોઈઝનિંગ થઈ જતા તે પૈકી એક બાળકીનું મૃત્યુ નીપજવાનો સુરતમાં બનેલ ગંભીર ઘટનાને રાજ્ય સરકારે ખૂબજ ગંભીરતાપૂર્વક ધ્યાને લઈ જિલ્લા કલેક્ટરોને આપેલા કડક આદેશો ના પગલે દાહોદ પ્રાંત અધિકારી ની સૂચના અને માર્ગદર્શન હેઠળ શરૂ થઈ ગઈ સઘન તપાસ ઝુંબેશના ગઈકાલે ત્રીજે દિવસે પણ દાહોદ નગર પાલિકાના ઈન્સ્પેક્ટર પિંકલ નગારચલાવાલા એ તેમની ટીમના માણસોને સાથે રાખી શહેરની ખ્યાતનામ શ્રી કૃષ્ણ સ્વીટ્સ માર્ટ, હુકનીચંદ સ્વીટ્સ, શ્રીજી સ્વીટ્સ એન્ડ ફરસાણ, રામેશ્વર ફરસાણ માર્ટ, જલારામ ફરસાણ માટે, કેશવ સ્વીટ્સ એન્ડ ફરસાણ માર્ગ તેમજ અન્ય ખાણીપીણી દુકાનો પર કડક તપાસ કરી હતી. અને તે દુકાનોમાંથી માવો, પેંડા, ઘી તથા નમકીન ના નમુનાઓ લેવામાં આવ્યા હતા તેમજ ૨૦ કિલો જેટલા બળેલા તેલનો નાશ કરવામાં આવ્યો હતો. નગરપાલિકાના ફૂડ ઈન્સ્પેક્ટર પિંકલ નગરાલાવાલા દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે

જીલ્લા વન મહોત્સવમાં અબોલ જીવોની સેવા બિરદાવાઇ

સિદ્ધાંત જીવદયા ચેરીટેબલ ટ્રસ્ટનું સન્માન કરાયુ

(પ્રતિનિધી) કાલોલ, તા.2 પંચમહાલ જિલ્લામાં અબોલ જીવોના રક્ષણ, બચાવ અને જીવદયા માટે નિષ્ઠાપૂર્વક કામગીરી કરી રહેલા સિદ્ધાંત જીવદયા ચેરીટેબલ ટ્રસ્ટની સેવાકીય કામગીરીની નોંધ લઈ તેમને ગૌરવપૂર્ણ સન્માન આપવામાં આવ્યું હતું. જિલ્લા કક્ષાના 77મા વન મહોત્સવ-2026 અંતર્ગત પંચમહાલ જિલ્લામાં અબોલ જીવો તેમજ વન્યજીવોને બચાવવા અને તેમના રક્ષણ માટે કરવામાં આવેલી ઉત્તમ કામગીરી બદલ અગ્ર મુખ્ય વન સંરક્ષક વિકાસ વ્યવસ્થા, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તથા બી.પી. પતી, I.F.S. દ્વારા સિદ્ધાંત જીવદયા ચેરીટેબલ ટ્રસ્ટને પ્રશંસાપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટ દ્વારા છેલ્લા સમયથી ગાય, શ્વાન, પક્ષીઓ સહિત વિવિધ અબોલ જીવો તેમજ સર્પ, અજગર, મગર જેવા વન્યજીવોના રેસ્ક્યુ, સારવાર અને સુરક્ષિત સ્થળે સ્થળાંતર માટે સતત કામગીરી કરવામાં આવી રહી છે. આ સન્માન અંગે ટ્રસ્ટના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે, "આ સન્માન અમારા માટે માત્ર પુરસ્કાર નથી, પરંતુ અબોલ જીવોની સેવા માટે વધુ ઉત્સાહ, સમર્પણ અને જવાબદારી સાથે કાર્ય કરવાની પ્રેરણા છે.